# દેવેન્દ્ર ફડનવીસ મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી

મુંબઈ,તા. ૨૮

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી કોણ રહેશે તે અંગે ચાલી રહેલી અટકળોનો આજે અંત આવી ગયો હતો. કારણકે, મહારાષ્ટ્ર ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ધારણા પ્રમાણે જ દેવેન્દ્ર ફડનવીસ ચુંટાઈ આવ્યા હતા. આની સાથે જ રાજ્યના મુખ્યમંત્રી બનવાનો માર્ગ મોકળો થયો છે. શુક્રવારે દેવેન્દ્ર ફડનવીસની રાજ્યના મુખ્યમંત્રી તરીકે તાજપોશી કરવામાં આવશે. ફડનવીસના સમર્થકોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. દેવેન્દ્ર ફડનવીસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૌથી ફેવરીટ દાવેદાર પૈકીના હતા. તેમને મુખ્યમંત્રી પદના દાવેદાર તરીકે મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચુંટણીના પરિણામ આવ્યા બાદથી જ ગણવામાં આવી રહ્યા હતા. તમામ ૧૨૧



ધારાસભ્યોની આજે બેઠક યોજાઈ હતી. જેમાં દેવેન્દ્ર ફડનવીસની નેતા તરીકે પસંદગી કરાઈ હતી. નવા ચુંટાયેલા ધારાસભ્યોની આ બેઠકને લઈને હાલમાં ભારે ચર્ચા હતી. સોમવારના દિવસે ઉચ્ચસ્તરીય ભાજપ ટીમ દ્વારા કેબિનેટના પ્રાથમિક કદ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. શુક્રવારના દિવસે નવી સરકાર શપથ લેશે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે શપથવિધી યોજાનાર છે. ખાતાની ફાળવણીના પ્રથમ રાઉન્ડમાં ડઝન જેટલા કેબિનેટ પ્રધાનોને શપથ લેવડાવવામાં આવશે. ઘણા બધા ખાતાઓને મર્જ કરવામાં આવનાર છે. પ્રાથમિક માહિતી મુજબ કૃષ્નાવેલી ડેવલોપમેન્ટ કોર્પોરેશનને રિસોર્સ વિભાગ સાથે મર્જ કરવામાં આવશે. આવી જ રીતે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમને પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ સાથે મર્જ કરી દેવામાં આવશે. કેન્દ્રીય પ્રધાન રાજનાથસિંહે દેવેન્દ્ર ફડનવીસને શુભકામના આપી હતી. ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચુંટાઈ આવ્યા બાદ તેમની પસંદગી કરાઈ હતી. કેબિનેટમાં ખાતાઓની ફાળવણીને લઈને પણ હવે ચર્ચા શરૂ થઈ ગઈ છે. પ્રથમ વખત તબીબી શિક્ષણ, જાહેર આરોગ્ય, ફૂડ અને ડ્રગ એડમિનીસ્ટ્રેશન અને અન્યો માટે એક જ કેબિનેટ પ્રધાન રહેશે.ફડનવિસની પસંદગી કરવામાં આવતા તેમના સમર્થકોમાં ઉજવણી થઈ હતી. નરેન્દ્ર મોદી અને અમિત શાહના નજીકના સાથી તરીકે પણ તેમને ગણવામાં આવે છે. કેન્દ્રીય નિરીક્ષક તરીકે રાજનાથસિંહ અને જેપી નડ્ડા ઉપસ્થિત રહ્યા હતા.

## ભારત-વિયેતનામ વચ્ચે સાત સમજુતી પર હસ્તાક્ષર થયા

નવી દિલ્હી,તા. ૨૮

દ્વિપક્ષીય સંબંધોને મજબુત કરવાના હેતુસર ભારત અને વિયેતનામે આજે સાત સમજુતી પર હસ્તાક્ષર



કર્યા હતા. વડાપ્રધાન મોદી અને વિયેતનામના વડાપ્રધાન નગુએન તાન ડુંગની ઉપસ્થિતિમાં ભારત અને વિયેતનામે સાત સમજુતી ઉપર હસ્તાક્ષર કર્યા હતા. તમામ સમજુતી ખૂબ જ મહત્વપૂર્ણ છે. વડાપ્રધાન મોદીએ સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન કહ્યું હતું કે, વિયેતનામના લોકો ખૂબ જ સાહસી છે. તેમણે કહ્યું હતું કે, ભારત અને વિયેતનામ ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધો ધરાવે છે. ભારતની લુક ઈસ્ટ પોલીસીમાં વિયેતનામ મહત્વપૂર્ણ આધારસ્તંભ તરીકે છે. વિયેતનામી વડાપ્રધાનનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું હતું કે, પ્રદેશમાં શાંતિ અને સમૃદ્ધિ જાળવી રાખવા માટે બન્ને દેશો કટીબદ્ધ છે. પ્રદેશની સુરક્ષાની દૃષ્ટિએ પણ ભાગીદારી મહત્વપૂર્ણ છે. આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ તમામ મેરીટાઈમ વિવાદોને ઉકેલવા જોઈએ. સાઉથ ચાઈના દરિયાને લઈને વિવાદનો ઉલ્લેખ કરીને મોદીએ આ મુજબની વાત કરી હતી. આતંકવાદ વિરોધી મામલાઓમાં સહકાર કરવા અને સ્પેસ ટેકનોલોજીમાં પણ સહકાર કરાશે. ભારત વિયેતનામી સેટેલાઈટ લોન્ચ કરશે. વિયેતનામની સુરક્ષા વ્યવસ્થા આધુનિક બનાવવામાં ભારત મદદરૂપ થશે. વિયેતનામને ૧૦૦ મિલીયન ડોલરની રકમ પણ અપાશે. વિયેતનામી વડાપ્રધાનનું અગાઉ ભવ્ય સ્વાગત કરાયું હતું. વિયેતનામી વડાપ્રધાન સાથે અગાઉ મોદીએ શિખર બેઠક યોજી હતી જેમાં વિવિધ મુદ્દા છવાયા હતા.

### વિયેતનામના પાઈલોટોને ભારત ખાસ ટ્રેનિગ આપશે

ચીન સાથે ખરાબ સંબંધ ધરાવનાર વિયેતનામ સાથે ભારત દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબુત કરવા માટે ઈચ્છુક છે. ગયા વર્ષે વિયેતનામનના નૌકા સેનાના અધિકારીઓ અને જવાનોને સબમરીન ટ્રેનિંગ આપ્યા બાદ હવે ભારત વિયેતનામન એર ફોર્સના પાયલોટને સુખોઈ યુદ્ધ વિમાન માટેની ટ્રેનિંગ આપવામાં આવનાર છે. વ્યુહાત્મક મોરચે ચીનને પાછળ છોડવા પણ આની પાછળ ગણતરી રહેલી છે. આ હિલચાલને ઉપયોગી તરીકે ગણવામાં આવે છે. ચીનના નજીકના હરિફ દેશ તરીકે વિયેતનામને જોવામાં આવે છે. સરહદી મુદ્દે ચીન સાથે હાલમાં ખેંચતાણ ચાલી રહી હોવા છતાં ભારત આની ચિંતા કર્યા વગર ચીનના હરિફ દેશ વિયેતનામ સાથે સંરક્ષણ સહકાર કરવા ઈચ્છુક છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત અને વિયેતનામ બન્ને દેશો એશિયા પેસિફિક પ્રદેશમાં ચીનના વર્તનને લઈને ચિંતાતુર બનેલા છે. જેથી આ બન્ને દેશો પણ વ્યુહાત્મક રીતે લશ્કરી ટ્રેનિંગ અને ક્ષમતા નિર્માણને લઈને આગળ વધી રહ્યા છે. સંરક્ષણ ક્ષેત્રમાં આ બન્ને દેશોના વધતા જતા સંબંધોથી ચીન પણ હેરાન છે. દક્ષિણ ચીન દરિયામાં સંયુક્ત તેલ સંશોધનની પ્રવૃતિ પણ હાથ ધરવામાં આવી છે. વિયેતનામની વડાપ્રધાન એન. તાન ડુંગ ભારતની યાત્રા પર છે. સંરક્ષશ્રણ સુત્રોએ કહ્યું છે કે વિયેતનામના પાઈલોટોને સુખોઈ વિમાન માટે ટ્રેનિંગ આપવામાં આપવામા આવનાર છે. આ મામલે સમજુતી પર ચર્ચા થઈ ચુકી છે.

## વિદેશી બેંક ખાતા ધરાવનાર તમામના નામ જાહેર કરવા કેન્દ્રને સુપ્રીમનો આદેશ

નવી દિલ્હી,તા. ૨૮

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે કાળા નાણાંના મુદ્દે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢતાં



આવતીકાલ સુધી તમામ નામ જાહેર કરવા સ્પષ્ટ આદેશ કર્યો છે. કાળા નાણાંના મુદ્દે તેના આદેશમાં સુધારો કરીને સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવી છે. મોદી સરકારની ઝાટકણી કાઢતાં સુપ્રીમ કોર્ટે કાળા નાણાંના તમામ ખાતાધારકોના નામ જાહેર કરવા માટે કહેવામાં આવ્યું છે. સરકારે હજુ સુધી ત્રણ લોકોના નામ જાહેર કર્યા છે. વિદેશમાંથી મળેલા તમામ ખાતાધારકોના નામ આવતીકાલ સુધી કોર્ટને સીલ કવરમાં આપવામાં કહેવાયું છે. સરકારને ફ્રાન્સ અને જર્મની પાસેથી ઘણા નામ મળ્યા છે. સુપ્રીમ કોર્ટે સરકારના વલણ અંગે વાંધો ઉઠાવીને કહ્યું છે કે, તે તમામ ખાતાધારકોના નામ એસઆઈટીને સોંપે તે જરૂરી છે ત્યારબાદ તેમાં તપાસ થવી જોઈએ કે કેમ તે બાબત કોર્ટ દ્વારા નક્કી કરાશે. કોર્ટે સરકાર દ્વારા તેના ૨૦૧૧ના આદેશમાં સુધારો કરવાની અપીલને ફગાવી દઈને કહ્યું હતું કે, અમે આદેશમાં સુધારો કરીશું નહીં સરકારને તમામ ખાતાધારકોના નામ આપવા પડશે. કોર્ટે સરકારની એવી બાબતને પણ ફગાવી દીધી હતી કે, કાળા નાણાં રાખનાર તમામ ખાતાધારકોના નામ જાહેર કરવાની સ્થિતિમાં મિત્ર દેશો સાથે તેમની સમજુતી તૂટી શકે છે. કોર્ટે કહ્યુંહતુંકે સરકાર તમામના નામ જાહેર કરે તે જરૂરી છે. સમજુતીની વાતને ધ્યાનમાં લેવી મોડેથી નક્કી કરાશે. સોમવારના દિવસે સરકારે સુપ્રીમમાં એફિડેવીટ દાખલ કરીને વિદેશી બેંકોમાં કાળા નાણાં ધરાવનાર ત્રણ ભારતીયોના નામ જાહેર કર્યા હતા. જેમાં પ્રદીપ બર્મન, રાધા ટિમ્બ્લો અને ચમનલાલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સરકારે એમપણ કહ્યું હતું કે તે ૧૩૬ લોકોના નામ કોર્ટને સોંપશે પરંતુ હાલમાં ૩ લોકોના નામ જ બતાવાયા છે.હજુ નવા નામને લઈને ભારે ચર્ચા અને અટકળોનો દોર ચાલી રહ્યો છે.

## દિલ્હીમાં સરકાર રચવા સંદર્ભે વિલંબને લઈ સુપ્રીમ લાલઘુમ

નવી દિલ્હી,તા. ૨૮

દિલ્હીમાં સરકારની રચના કરવા અંગે નિર્ણય લેવામાં વિલંબને લઈને સુપ્રીમ કોર્ટ ભારે લાલઘુમ છે. આજે સુપ્રીમ કોર્ટે સરકારની રચના અંગે નિર્ણય લેવામાં વિલંબ કરવા બદલ કેન્દ્ર સરકાર અને દિલ્હીના ઉપ રાજ્યપાલની જોરદાર ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે લોકશાહી વ્યવસ્થામાં રાષ્ટ્રપતિ શાસનને લાંબા સમય સુધી જાળવી શકાય નહી. ઉપરાજ્યપાલ નજીબ જંગે કોઈ તારણ પર પહોંચવા માટે પાંચ મહિનાનો સમય લેવો જોઈતો ન હતો. બીજી બાજુ કેન્દ્ર સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે રાષ્ટ્રપતિએ સરકારની રચના કરવા માટે એક સૌથી મોટી પાર્ટી ભાજપને આમંત્રણ આપવા એલજીની દરખાસ્તને મંજૂરી આપી હતી. પરંતુ જજોએ કહ્યું હતું કે તેઓ તેની સામે આમ આદમી પાર્ટીની અરજી પર સુનાવણી કરશે અને મેરિટના આધાર પર નિર્ણય કરશે. એએપી તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે રાષ્ટ્પતિની મંજૂરીની કોઈ જરૂર દેખાતી નથી. કારણ કે ભાજપ પાસે સરકારની રચના કરવા માટે પુરતી સંખ્યમાં બેઠકો નથી. ભાજપે આની સામે વાંધો ઉઠાવીને કહ્યું હતું કએએપીની રજૂઆત અયોગ્ય છે.સુપ્રીમ કોર્ટમાં હવે બંધારણીય બેંચ એએપીની અરજી પર સુનાવણી કરી રહી છે.એએપી દ્વારા દિલ્હીમાં વિધાનસભાને વિખેરી નાંખવા અને નવેસરથી ચૂંટણી માટેનો આદેશ આપવા માંગ કરાઈ છે. દિલ્હીમાં વૈકલ્પિક સરકાર રચી શકાય છે કે પછી નવેસરથી ચૂંટણી યોજવાની જરૂર છે તે અંગે સ્પષ્ટ કરવા કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટે કહ્યું છે. અગાઉ એએપીના નેતા અરવિન્દ કેજરીવાલે એલજીની કહેવાતી હિલચાલ સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. એલજી દ્વારા ભાજપને સરકારની રચના કરવા આમંત્રણ આપ્યું હતુ. દિલ્હીમાં સરકારની રચનાને લઈને ગુંચ અકબંધ રહી છે.

## સોફ્ટ બેંકની હિસ્સેદારી સૌથી વધુ સ્નેપડિલમાં ૩૭૬૨ કરોડનું રોકાણ કરાશે

મુંબઇ,તા. ૨૮

મહાકાય ઇ-કોમર્સ કંપની સ્નેપડીલમાં જાપાનની મહાકાય ટેલિકોમ કંપની સોફ્ટ બેંક ૬૨૭ મિલિયન ડોલર અથવા તો ૩૭૬૨ કરોડનુ જંગી રોકાણ કરશે. આની સાથે જ ઓનલાઇન માર્કેટ પ્લેશ કંપનીમાં સોફ્ટ બેંક કંપની સૌથી મોટી શેર ધારક કંપની બની છે. ભારતમાં ઇ-કોમર્સ કંપનીમાં એક મુડીરોકાણકાર દ્વારા કરવામાં આવેલુ સૌથી મોટુ રોકાણ છે. અન્ય વર્તમાન મુડીરોકાણકારો પણ રોકાણના આ રાઉન્ડમાં જોડાયા હતા. પરંતુ રોકાણની રકમ અંગે વિગત આપવાનો ઇન્કાર કર્યો છે. સ્નેપ ડીલ દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે.

## આઈટીબીપીમાં વધુ ૧૨ હજાર જવાનો સામેલ કરવાની તૈયારી

નવી દિલ્હી,તા. ૨૮

નરેન્દ્ર મોદી સરકાર સંરક્ષણના ક્ષેત્રમાં કોઈ બાંધછોડ કરવા માંગતી નથી તેના સ્પષ્ટ સકેત મળવા લાગી ગયા છે. હાલમાં જ ૮૦૦૦૦ કરોડની સંરક્ષણ સોદાબાજીને મંજૂરી આપ્યા બાદ હવે સરકાર ચીની સરહદ પર વધારે જવાનો તૈનાત કરવાની દિશામાં આગળ વધી રહી છે. આના ભાગરૂપે સરકાર ભારત-ચીન સરહદ પર ફરજ બજાવનાર આઈટીબીપીમાં ૧૨૦૦૦ નવા જવાનો સામેલ કરવા માટે કમર કસી ચુકી છે. આ જવાનોને સામેલ કરવા અને ડઝન બટાલિયિન ઉભી કરવાની દરખાસ્તને મોદી સરકાર ટુંક સમયમાં લીલીઝંડી આપનાર છે. ચીન સાથેની સરહદ પર વ્યુહાત્મક ફ્રન્ટિયર પર દળોની હાજરીને વધુ તાકાત આપવાના હેતુસર નવી ભરતી કરવામાં આવનાર છે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે ગયા સપ્તાહબમાં દ કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજાનાથસિંહે ફોર્સના સ્થાપના દિવસના પ્રસંગે અરૂણાચલ પ્રદેશમાં ૫૪ નવી ઈન્ડો-તિબેટ બોર્ડર પોલીસ ફોર્સ બોર્ડર આઉટપોસ્ટને મંજૂરી આપી દીધા બાદ આ દિશામાં કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા તેને સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. અરૂણાચલ પ્રદેશમાં સરહદ પર વધારાની ચોકીઓ ઉભી કરવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ આઈટીબીપી દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે આ નવી ચોકીઓ પર તૈનાતી માટે વધુ અને આશરે ડઝન બાટાલિયિન ઉભી કરવાની જરૂર પડશે. જાણકાર લોકોને કહ્યું છે કે નવી બટાલિયન ઉભી કરવાની પ્રક્રિયા તબક્કાવાર રીતે આગળ વધશે. પાંચ વર્ષના ગાળા દરમિયાન આ પ્રક્રિયાને પૂર્ણ કરી લેવાશે. આ સંબંધમાં સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ ચે. હવે કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા ૫૪ બોર્ડર પોસ્ટને મંજૂરી આપવામાં આવી છે. મોટા પાયે ભરતીની પ્રક્રિયા હેવે હાથ ધરવામાં આવનાર છે. માઉન્ટેન ટ્રેન્ડ ફોર્સ દ્વારા તેની ફરી રચનાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે.

## દિલ્હીમાં સરકાર રચવાની કોઈ જ ઈચ્છા નથી : ભાજપનો સંકેત

નવી દિલ્હી,તા. ૨૮

દિલ્હીમાં સરકારની રચના કરવા સૌથી મોટી પાર્ટી તરીકે ભાજપને આમંત્રણ આપવા દિલ્હીના ઉપારાજયપાલનો રાષ્ટ્રપતિએ મંજુરી આપી છે તેવી સુપ્રીમ કોર્ટ સમક્ષ કેન્દ્ર સરકાર તરફથી રજુઆત કરાયા બાદ ભાજપે આજે સંકેત આપ્યો હતો કે, તે દિલ્હીમાં સરકાર રચવા માટે ઉત્સુક નથી. ભાજપ દિલ્હીમાં નવેસરથી ચુંટણી ઈચ્છે છે. ફેબ્રુઆરી ૨૦૧૫માં ચુંટણી યોજાય તેવી ભાજપને ઈચ્છા છે. અગાઉ આજે કેન્દ્ર તરફથી રજુઆત બાદ તેવી અટકળો ચાલી હતી કે ભાજપ પણ દિલ્હીમાં સરકાર બનાવવા માટે પ્રયત્ન કરશે. પરંતુ રાષ્ટ્રીય પાટનગરમાં રાજકીય પ્રવૃત્તિ વચ્ચે ભાજપે સ્પષ્ટતા કરી હતી કે, તે દિલ્હીમાં સરકાર બનાવવા ઈચ્છુક નથી. ભાજપ નવેસરથી ચુંટણી ઈચ્છે છે. ફેબ્રુઆરીમાં ચુંટણી યોજાય તેવો સંકેત અપાયો છે. પક્ષના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય શહેરી વિકાસ પ્રધાન વૈંકેયા નાયડુએ કહ્યું હતું કે, પાર્ટી સંપૂર્ણપણે તૈયાર છે અને દિલ્હીમાં જ્યારે પણ ચુંટણી યોજાશે ત્યારે ભાજપને સ્પષ્ટ બહુમતી મળશે. ધારાસભ્યોને ખરીદી લેવા માટેની કોઈપણ પ્રવૃત્તિ ચાલી રહી હોવાના આમ આદમી પાર્ટીના આક્ષેપને રદીયો અપાયો હતો. નાયડુએ કહ્યું હતું કે, હોર્સ ટ્રેડીંગની કોઈ પ્રવૃત્તિ ચાલી રહી નથી. ભાજપ ચુંટણીમાં શા માટે ભયભીત થશે. દિલ્હીમાં જીતવાની તકો તેની સૌથી વધુ છે. દિલ્હી ભાજપના વડા સતીષ ઉપાધ્યાયે કહ્યું છે કે, અમે યોગ્ય સમયે રાઈટ ટુ ઈન્ફોર્મેશન આપીશું. વૈંકેયા નાયડુ વરિષ્ઠ નેતા છે.

## સમાચાર ઝલક

- અરૂણાચલ પ્રદેશમાં સરહદે નવી ૫૪ બોર્ડર આઉટપોસ્ટ સ્થાપિત કરાશે.
- શિયાળાના આગમન સાથે જ વિદેશી પક્ષીઓ થોળ, નળસરોવર, અન્ય મોટા તળાવો પર પહોંચ્યા.
- ભ્રષ્ટાચાર સામે લડવા ટેકનોલોજીનો ઉપયોગ કરવા વડાપ્રધાન શ્રી મોદીની શીખ.
- ભારતની અગ્રણી મહિલા બોક્સર સરિતાદેવીએ પોતાના આક્ષેપો પાછા ખેંચી લીધા.
- સર્વિસ ટેક્ષ ૧૪મી નવેમ્બર સુધી ભરી શકાશે. મુદતમાં વધારો.
- સાડા ત્રણ કરોડના સોના સાથે મોરેશિયસની બે મહિલાઓ મુંબઈ એરપોર્ટ પરથી ઝડપાઈ.
- વિમાની મથકે હજયાત્રીઓની ઊંડી ચકાસણી હાથ ધરાઈ.
- મણિનગર રેલવે ક્રોસીંગ મા-પુત્રીનું રેલવે ટ્રેક પર અકસ્માતથી મોત.
- તામિલનાડુમાં ભારે વરસાદથી ૩૦નાં મોત ભારે તારાજી સર્જાઈ.
- ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચનને ૧૯૮૪ના શીખ રમખાણ અંગે કોર્ટનું સમન્સ.
- ચોમાસું પૂર્ણ થયા છતાં વડોદરામાં મગરોનો આતંક યથાવત. ૧ને ખેંચ્યો.
- છત્તીસગઢમાં અંધવિશ્વાસમાં ૩ વ્યકિતઓએ જાન ગુમાવ્યા.
- મધ્ય ગુજરાતની રેલવે ટ્રેક - રેલવે ઉથલાવી દેવાનું ષડયંત્ર પકડાયું. દુર્ઘટના ટળી.

## કોંગ્રેસમાં સંસ્થાકીય ચુંટણી માટે રાહુલની સ્પષ્ટ તરફેણ


નવી દિલ્હી,તા. ૨૮

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, સંસ્થાકીય ચુંટણી યોજાય તે જરૂરી છે. આનાથી કોંગ્રેસમાં નવા પ્રાણ ફુંકાશે. લોકસભા અને વિધાનસભાની ચુંટણીમાં હાલમાં કારમી હાર મળ્યા બાદ સંસ્થાકીય ચુંટણીને લઈને રાહુલ ઈચ્છુક છે. મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસને કારમી હાર મળ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં રાહુલે ઘણી વાત કરી હતી. તેઓએ પક્ષના ટોચના નેતાઓ સાથે પ્રથમ વખત સત્તાવાર ચર્ચા કરી હતી. ગાંધીએ સંસ્થાકીય ચુંટણી સ્વતંત્ર અને નિષ્પક્ષ તેમજ પારદર્શક માહોલમાં યોજવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. રાહુલે એમપણ કહ્યું હતું કે, મુલ્લાપલ્લી રામચંદ્રનના નેતૃત્વમાં કોંગ્રેસની સેન્ટ્રલ ઈલેક્શન ઓથોરીટીને સંપૂર્ણ સત્તા આપવામાં આવે તે જૂરૂરી છે આનાથી તેઓ સંપૂર્ણ અસરકારક્તા સાથે કામ કરશે. રાહુલનું સુચન એવા સમયે કરવામાં આવ્યું છે જયારે કોંગ્રેસમાં ધરખમ ફેરફારના ભણકારા વાગી રહ્યા છે. સંસ્થાકીય નબળાઈના લીધે કોંગ્રેસની એકપછી એક રાજ્યમાં હાર થઈ રહી છે. રાજ્યોના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ અને પીસીસીના વડાઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. પાર્ટીમાં સંસ્થાકીય ચુંટણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. રાહુલ ગાંધીએ આ મુજબની વાત કરીને અટકળો છેડી દીધી છે. ગયા સપ્તાહમાં જ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પણ હારની સમીક્ષા કરી હતી.

## શૌકીનની રીમેકમાં હવે અભિષેક ગેસ્ટ રોલમાં

મુંબઈ,તા. ૨૮

અભિષેક બચ્ચન હવે ટૂંકમાં જ રજુ થનાર શૌકીન ફિલ્મની રિમેકમાં પણ જોવા મળશે. હેપ્પી ન્યુયર ફિલ્મમાં પોતાની કુશળતા સાબિત કર્યા બાદ અભિષેક બચ્ચનને હાલમાં લોકપ્રિયતા મળી છે. હાલના દિવસોમાં તે વધારે વ્યસ્ત બની ગયો છે. મળેલી માહિતી મુજબ અભિષેક બચ્ચન અભિષેક શર્મા દ્વારા નિર્દેશિત શૌકીન ફિલ્મમાં મહેમાન કલાકાર તરીકેની ભૂમિકા અદા કરશે. ફિલ્મ નિર્માતાએ



આ અંગેની વાત કરતા કહ્યું છે કે, અભિષેક સાથે વાત થઈ છે. બચ્ચન જુનિયર હાલમાં ભરચક કાર્યક્રમ ધરાવે છે પરંતુ થોડાક સમય માટે આ ફિલ્મમાં કામ કરવા તે તૈયાર થઈ ગયો છે. અભિષેક બચ્ચન અને અભિષેક શર્મા એકબીજાના નજીકના મિત્રો રહેલા છે. હેપ્પી ન્યુયર ફિલ્મમાં અભિષેકની ભૂમિકાને નિહાળ્યા બાદ શર્મા ખૂબ જ પ્રભાવિત દેખાઈ રહ્યા છે. અમિતાભ બચ્ચન દ્વારા પણ અભિષેકની ભૂમિકાની પ્રશંસા કરવામાં આવી છે. હેપ્પી ન્યુ યર ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર સફળતાના નવા શિખરો સર કરી રહી છે. આ ફિલ્મ ટૂંકા ગાળામાં જ ૧૦૦ કરોડમાં એન્ટ્રી કરી ચુકી છે. હવે શૌકીનની રિમેકમાં અભિષેકને મુખ્ય ભૂમિકામાં જોવા માટે ચાહકો ઈચ્છુક છે પરંતુ આ ફિલ્મમાં અક્ષયકુમાર મુખ્ય ભૂમિકા અદા કરનાર છે. અભિષેકને મહેમાન કલાકાર તરીકે લેવાયો છે. શૌકીન ૧૯૮૨ની કોમેડી ફિલ્મ શૌકીનની રીમેક છે જેમાં અક્ષય, અનુપમ ખેર, અનુકપુર, પિયુસ મિશ્રા અને લીસા હેડનની મુખ્ય ભૂમિકા છે. આ ફિલ્મ ૭મી નવેમ્બરે રજુ કરાશે.

## સેન્સેક્સ ૧૨૮ પોઈન્ટ ઉછળી ૨૬૮૮૧ની ઉંચી સપાટી ઉપર

મુંબઈ,તા. ૨૮

શેરબજારમાં આજે તેજી જોવા મળી હતી. ફાર્માના શેરમાં તીવ્ર તેજી રહી હતી. સેન્સેક્સ કારોબારના અંતે ૧૨૮ પોઈન્ટ ઉછળીને ૨૬૮૮૧ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૬ પોઈન્ટ ઉછળીને ૮૦૨૮ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૭ ટકાનો ઉછાળો રહ્યો હતોર માર્કેટ બ્રીડ્થ તેજી સાથે રહી હતી. કારોબાર દરમિયાન ૧૫૦૭ શેરમાં તેજી અને ૧૩૭૨ શેરમાં મંદી રહી હતી. એશિયન બજારોમાં મિશ્ર તેજી જોવા મળી હતી. જાપાની બજારમાં મંદી જોવા મળી હતી. તેના શેરમાં ૦.૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ચીન, હોંગકોંગના શેરમાં રીબાઉન્ડની સ્થિતિ જોવા મળી હતી. યુરોપીયન શેરબજારમાં પણ કારોબારની શરૂઆત સારી રહી હતી. હેલ્થકેર ઈન્ડેક્સમાં સૌથી વધુ એક ટકાથી વધુનો સુધારો રહ્યો હતો જ્યારે બીએસઈ પાવર ઈન્ડેક્સ, એફએમસીજી, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૦.૧થી ૦.૨ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. ફાર્માના શેરની વાત કરવામાં આવે તો સનફાર્માના શેરમાં ૪ ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. જ્યારે રેનબેક્સી અને લુપીનના બીજા ત્રિમાસિક ગાળાના પરિણામો બજારની અપેક્ષા કરતા વધુ સારા રહ્યા હતા.

રેનબેક્સીના શેરમાં પરિણામો આવ્યા બાદ છ ટકાનો ઉછાળો રહ્યો હતો. સપ્ટેમ્બરમાં પુરા થયેલા ત્રિમાસિક ગાળામાં નેટ નફો ૪૭૮ કરોડનો રહ્યો હતો. શેરબજારમાં આજે આ સ્થિતિ યથાવત રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. જોકે ઓઈલના શેરમાં કડાકો બોલ્યો હતો.શેરબજારમાં તેજીની સાથે-સાથે અન્ય કારોબારીઓ પણ ઉત્સાહિત દેખાયા હતા.